રજુ તારીખ :– ૧૨/૦૯/૨૦૨૪.

દાખલ તારીખ :– ૧૨/૦૯/૨૦૨૪.

ફેંસલ તારીખ :– ૨૧/૦૭/૨૦૨૬.

અવધિ:– ૦૧ વર્ષ, ૧૦ માસ, ૦૯ દિવસ.

---

**મહે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, દેવભૂમિ દ્વારકા મુ. ખંભાળીયા.**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૩૧૭/૨૦૨૪.**

**આંક :–**

**અરજદાર :–** **મધુબેન વિજયભાઈ સાદીયા,**
**ડો/ઓ. દેવસીભાઈ ખીમાભાઈ વેગડા**
ઉ.વ.આ.૨૨, ધંધો–ઘરકામ,
રે. મુ. દેવળિયા, હાલ–અશોક શો રૂમની પાછળ,
જામનગર હાઈવે,તા.ખંભાળીયા, જી. દેવભૂમિ દ્વારકા.

**વિરુધ્ધ**

**સામાવાળા :–**

(૧) **વિજય મગનભાઈ સાદીયા,**
ઉ.વ.આ.૨૫, ધંધો– ડ્રાઈવીંગ,

(૨) **રૂપીબેન મગનભાઈ સાદીયા,**
ઉ.વ.આ.૫૦, ધંધો– ઘરકામ,

(૩) **વનંતીબેન મગનભાઈ સાદીયા,**
**વા/ઓ. નાનજીભાઈ બાટા,**
ઉ.વ.આ.૩૦, ધંધો– ઘરકામ,

(૪) **હેતલબેન મગનભાઈ સાદીયા,**
ઉ.વ.આ.૩૦, ધંધો– ઘરકામ,

(૫) **દીપક મગનભાઈ સાદીયા,**
ઉ.વ.આ.૨૨, ધંધો– ડ્રાઈવીંગ,

(૬) **દીપાબેન દીપકભાઈ સાદીયા,**
ઉ.વ.આ.૨૫, ધંધો– ઘરકામ,
રે.મુ. કાદી પ્લોટ, પાણીના ટાકા પાસે,

મુ. આદીત્યાણા, તા.જી. પોરબંદર.

(૭) **મેરૂભાઈ ચાસીયા,**
ઉ.વ.આ.૫૦, ધંધો–

(૮) **રણજીતભાઈ મેરૂભાઈ ચાસીયા,**
ઉ.વ.આ.૨૫, ધંધો–
રહે. બંને મુ. પારાવાડા, તા.જી.પોરબંદર.

---

**બાબત :– ઘરેલુ (કૌટુંબિક) હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો–૨૦૦૫ ની કલમ–૧૨ હેઠળની અરજી**

---

**અરજદાર તરફે :– વિ.એલ.એ.ડી.શ્રી ટી.એમ. સાતા.**
**સામાવાળા તરફે :– વિ.વ.શ્રી એમ.એમ. મકવાણા.**

---

## –:ચુકાદો:–

(૧) અરજદારની અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદાર હાલ છેલ્લા થોડા દીવસોથી ઉપર જણાવેલ સરનામે તેમના માતા–પિતા સાથે રહે છે અને ઘરકામ કરી છે. અરજદારના લગ્ન આ કામના સામાવાળા નં. ૧ સાથે આજથી આશરે ૪ વર્ષ પહેલા થયેલા, ત્યારથી આ કામના સામાવાળા નં.૧ અરજદારના પતિ થાય છે અને લગ્ન જીવનથી કુલ એક સંતાન થયેલા તાસી ઉ.વ.આ.૪ માસ જે તેમની સાથે રહે છે. અરજદારના લગ્ન જ્ઞાતિ રીવાજ મુજબ થયેલા અને લગ્નબાદ કરીયાવર સાથે સામાવાળા નં.૧ સાથે આદીત્યાણા મુકામે સંયુકત કુટુંબમાં રહેતા હતા અને કરીયાવર સામાન પણ સામાવાળા પાસે છે. આ કામના સામાવાળાઓ એક સંપ કરી અરજદારને આ લગ્ન જીવન દરમ્યાન વારંવાર દુખઃત્રાસ આપતા હતા અને અરજદારના સાસુ ઘરકામ બાબતે તેમજ અન્ય કામ બાબતે અરજદારને ખુબ મેણા ટોણા મારતા અને લગ્ન જીવન દરમ્યાન શારીરીક તેમજ માનસિક દુ:ખ ત્રાસ આપતા અરજદારના નણંદો પણ અરજદારના સાસરે જ રહેતા હોય તે પણ અરજદારને નાની નાની વાતો માં સંભણામણી કરતા અને શારીરીક તેમજ માનસિક દુ:ખ ત્રાસ આપતા હતા. અરજદાર સામાવાળા સાથે સારી રીતે રહેતા હતા પરંતુ આ કામના સામાવાળા

વીના કારણે અરજદારને દુ:ખ ત્રાસ આપતા અને અરજદારના મામાજી નો પુત્ર રણજીત તથા અરજદારનો દીયર દીપક બંને જણા અરજદારની વારંવાર છેડતી કરતા અને અરજદારની સાથે બીભત્સ વર્તન કરતા હતા જે વાત અરજદારએ તેમના પતિને કરેલ તો તેમના પતિએ તેમની કોઈ વાત સાંભળેલી નહી અને ઉલટાનું અરજદારને મારકુટ કરતા હતા અને અરજદારના પતિ તથા તેમનો દીયર લગભગ કાયમ દારુ અને ગાંજો વગેરેનું વ્યશન કરી ને આવતા અને અરજદાર સાથે કુરતાભર્યું વર્તન કરતા હતા.અને આ બાબતે અરજદારે તેમના પતિને સમજાવવાની કોશીશ કરતા દારુના નશામાં અરજદાર ઉપર વધારે ઉશ્કેરાઈ અને અરજદારને તેમના સગીર સંતાન સાથે મારકુટ કરી પેહરેલ કપડે કાઢી મુકેલ અને તેમની કરીયાવરની તથા સ્ત્રી–ધનની તમામ ચીજ વસ્તુઓ સામાવાળાઓએ પચાવી પાડી પોતાના કબ્જામાં રાખી લીધેલ છે. અરજદારના લગ્ન જીવન દરમ્યાન આ કામના સામાવાળાઓએ અરજદારને ખુબ જ શારિરીક અને માનસિક દુ:ખત્રાસ આપેલ હોય તેમ છતા અરજદાર તેમનું લગ્ન જીવન ટકાવી રાખવા સામાવાળા સાથે રહેતા હતા પરંતુ આ કામના સામાવાળાઓએ એક સંપ થઈ અરજદારને ખુબ જ મારકુટ કરેલ છે અને શરીરમાં ડામ આપેલા તેમજ ગરમ પાણી તેમના હાથમાં રેડતા અને તેના દાઝી જવાના નીશાન તેમના હાથમા હાલ પણ છે તે અંગેની અરજદારે દવાખાનામાં સારવાર પણ કરેલ છે અને છેલ્લે અરજદારને ઉપરોકત વિગતે ઘરમાથી કાઢી મુકતા તેઓ રાણાવાવ મુકામે પોલીસ સ્ટેશનમાં સામાવાળાઓ વિરૂધ્ધ ફરીયાદ પણ આપેલ છે પરંતુ પોલીસ ધ્વારા તેમા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોય જેથી હાલની આ અરજી નામ. સાહેબ સમક્ષ લાવવાની ફરજ પડેલ છે. આ કામના સામાવાળા નં. ૧ ડ્રાઈવીંગ નો ધંધો કરે છે અને માસીક રૂપીયા ૪૦,૦૦૦/– જેટલી આવક ધરાવે છે. રહે. આદીત્યાણા મુકામે તેમનું મકાન આવેલ છે. આ કામના સામાવાળા નં.૧ને અરજદાર તથા સગીર સંતાન સીવાય અન્ય કોઈ જવાબદારી નથી. અરજદારને સગીર સંતાન સાથે ત્યાગ કર્યા બાદ આજ દીવસ સુધી તેમની કોઈ સારસંભાળ લીધેલ

નથી. આ કામે અમો અરજદાર વ્યથિત હોઈએ જેથી અરજદારને ઘરેલું(કૌટુંબિક) હીંસાખોરીઓથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો ૨૦૦૫ હેઠળ નીચે મુજબના હુકમો ફરમાવવા અરજ કરેલ છે. સદરહું કાયદાની કલમ ૧૮(સી) તળે આ કામના સામાવાળાઓ અરજદાર હાલ જે જગ્યાએ રહે છે તેમજ ભવિષ્યમાં પણ અરજદાર જે જગ્યાએ વસવાટ કરતા હોઈએ તે જગ્યાએ આવતા જતાં અરજદારની તરફેણમાં પ્રોટેકશન ઓર્ડર કરીને સામાવાળાઓ વિરૂધ્ધ પ્રતિબંધ ફરમાવવા, તથા સદરહું કાયદાની કલમ–૧૯ હેઠળ ખંભાળીયા તાલુકાના દેવળીયા મુકામે અરજદાર શાંતીથી અને આરામથી રહી શકીએ તેવું સગવડતા વાળુ મકાન સામાવાળા નં.૧ લઈ આપે વિકલ્પે ભાડેથી લઈને આપે જેનુ ભાડું સામાવાળાનં.૧ વાળા કાયમને માટે ચુકવે તેવો હુકમ ફરમાવવા, તથા સદરહું કાયદાની કલમ–૨૦ હેઠળ આ કામના સામાવાળા નં.૧ વાળા અરજદારને માસીક રૂ. ૧૦,૦૦૦ /– તથા સગીર સંતાનના રૂ.૫,૦૦૦/– મળી કુલ માસીક ભરણપોષણ રૂ.૧૫,૦૦૦/– તથા તબીબી ખર્ચ વિગેરે ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા વિકલ્પે આ કામના સામાવાળા નં.૧ અરજદારને રૂ.૧૦,૦૦,૦૦૦/– કાયમી ભરણ–પોષણ પેટેની ઉચ્ચક રકમ ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તથા સદરહું કાયદાની કલમ–૨૨ હેઠળ સામાવાળા નં.૧ સાથેના અરજદારના લગ્નજીવન દરમ્યાન અરજદારને સામાવાળાનં.૧ થી ૭ વાળાઓએ જે શારીરિક તેમજ માનસિક દુ:ખ–ત્રાસ ગુજારેલ છે તે બદલના વળતરની રકમ રૂ.૫,૦૦,૦૦૦ /– સામાવાળાનં.૧ થી ૮ વાળાઓ અરજદારને ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તથા તેમજ હાલની ફરીયાદ અરજીનો ખર્ચ પણ સામાવાળા નં.૧ થી ૮ વાળાઓ પાસેથી અપાવવા હુકમ ફરમાવવા તથા ન્યાય અને સમન્યાયની દ્દષ્ટીએ મળી શકતી તમામ દાદ અરજદારને અપાવવા હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) અરજદારની અરજી રજીસ્ટરે લઇ પ્રોટેકશન ઓફિસરનો રીપોર્ટ આવ્યા બાદ સામાવાળાઓને નોટિસ કરવામાં આવેલ છે. સામાવળાઓને

નોટિસ બજતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર રહી આંક-૧૮ થી જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, અરજદારે ખોટો કેસ કરેલ છે. અરજદારની અરજી ખરી કાયદેસરની તેમજ શુદ્ધબુદ્ધિપૂર્વકનની ન હોય રદ થવાને પાત્ર છે. સામાવાળા નં.૧ ના આ કામના અરજદાર સાથે મંદીરમાં ફુલહાર થયેલ છે અને ત્યારબાદ સામાવાળા નં.૧ સાથે આદીત્યાણા મુકામે સંયુકત કુટુંબમાં રહેતા હતા. અરજદારને સામાવાળાઓ દ્વારા કયારેય કોઈપણ દુઃખ-ત્રાસ આપેલ નથી કે સામાવાળા નં.૨ દ્વારા અરજદારને ઘરકામ બાબતે મેણા ટોણા મારેલ નથી કે કયારેય શારીરીક તેમજ માનસિક દુઃખ, ત્રાસ આપેલ નથી તેમજ સામાવાળા નં.૩ તથા ૪ વાળાએ પણ કયારેય નાની વાતોમાં સંભળામણી કરેલ નથી કે શારીરીક તેમજ માનસિક દુઃખ, ત્રાસ આપેલ નથી જેથી તેમાં જણાવેલ તમામ હકીકત ખોટી ઉપજાવી કાઢેલી છે જેનો સ્પષ્ટ પણે ઈનકાર કરેલ છે. અરજદારને સામાવાળા નં.૫ તથા ૮ દ્વારા અરજદાર સાથે કયારેય છેડતી કરેલ નથી કે તેમની સાથે બીભત્સ વર્તન કરેલ નથી તેથી તે વાત ખરી નથી તેમજ સામાવાળા નં.૧ તથા ૫ દ્વારા કયારેય દારૂ કે ગાજાનું સેવન કરેલ નથી તેમજ સામાવાળા નં.૧ વાળાએ અરજદારને કયારેય મારકુટ કરેલ નથી કે તેમને ઘરમાંથી કાઢી મુકેલ નથી અને અરજદાર તેમની સાથે કોઈપણ જાતનો કરીયાવરની તથા સ્ત્રી ધનની ચીજ વસ્તુઓ સાથે લાવેલ નથી. સામાવાળા દ્વારા અરજદારને મારકુટ કરેલ છે અને શરીરમાં ડામ આપેલા તેમજ ગરમ પાણી હાથ પર રેડેલ છે તે વિગત ખરી નથી તેમજ તેમાં જણાવેલ તમામ હકીકત ખોટી ઉપજાવી કાઢેલી છે જેનો સ્પષ્ટપણે ઈનકાર કરે છે. અરજદાર દ્વારા સગીર સંતાન તાસી ને થોડો સમય માવતરે તેમની સાથે રાખીને સગીર સંતાન તાસીને સામાવાળા નં.૧ ને સોંપી દીધેલ છે અને ત્યાથી સગીર સંતાન તાસી સામાવાળા પાસે છે. આ કામના અરજદાર દ્વારા સામાવાળા નં.૧ સાથે ફુલહાર કરેલ તે પહેલા જયારે તે તેમના માવતરે હતા ત્યારે અરજદારના માતાએ તા.૧૫/૦૭/૨૦૧૯ ના રોજ કલ્યાણપુર પોલીસ સ્ટેશનના પોલીસ-સબ-ઈન્સપેકટર

ઝેડ.એલ.ઓડેદરા ને રૂબરૂ ફરીયાદ આપી હતી. તેમાં જણાવેલ કે ફરીયાદી કલ્યણપુર તાલુકા ના દેવળીયા ગામે રહેતા હોય ત્યારે આરોપી એટલે આલાભા મુરૂભા ઉર્ફે ઓઘડભા ગાદ દ્વારા તેમની સગીર વયની દિકરીને એટલે આ કામના અરજદાર મધુબેનને લલચાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે પ્રેમ સંબંધ બાંધતા અને એક બીજા સારી રીતે પરીચયમાં આવતાં આરોપી અને તેના મિત્ર જે (સ્પેશ્યલ પોકસો કેશ નં.૧૪/૨૦૨૨) ના અન્ય આરોપી મરણ જનાર આદમ હુશેન પટેલીયાએ એકબીજાને મદદ કરીને તેમની પુત્રી મધુબેનને તા.૨૧/૦૧/૨૦૧૯ ના રોજ દેવળીયા ગામેથી ભગાડી ને જામનગર લઇ ગયેલ અને ત્યારબાદ આ કામના અરજદાર થોડો સમય ત્યા રહેલ અને ત્યાર બાદ આ કામના અરજદાર આલાભા મુરૂભા ઉર્ફે ઓઘડભા ગાદ પાસેથી છાની-છુપી રીતે ફરી તેના માતા-પિતા પાસે આવી ગયેલ અને અરજદારના માતાએ આરોપી વિરૂધ્ધ માં કલ્યાણપુર પોલીસ સ્ટેશન માં ફરીયાદ આપેલ. જે કેસ ખંભાળીયા કોર્ટમાં સ્પેશ્યલ પોકસો કેસ નંબર-૧૬, સને ૨૦૧૯ ના ખંભાળીયા કોર્ટમાં દાખલ થયેલ અને ત્યારબાદ તે કેસ દ્વારકા ખાતે નવી એડીશનલ સેશન્સ કોર્ટ એસ્ટાબ્લીશ થતાં ત્યા નવેસરથી સ્પેશ્યલ પોકસો કેસ નં.૧૪ સને-૨૦૨૨ થી ચાલેલ હતો. સામાવાળા નં.૧ ની સાથે અરજદારે કુલહાર કરેલ ત્યારે સામાવાળા નં.૧ ને અરજદારના માતા-પિતા એ કે અરજદાર દ્વારા આ પોકસો કેસ બાબતની જાણ કરેલ નથી. સામાવાળા નં.૧ ને આ કામના અરજદાર સાથે કુલહાર કર્યા બાદ આ કામના અરજદાર અંગેનો પોકસો કેસ દ્વારકા કોર્ટમાં ચાલુ હોવાની જાણ થતા સામાવાળા નં.૧ એ અરજદારને તથા તેના માતા-પિતા ને પુછપરછ કરેલ જેથી અરજદારને ખોટુ લાગેલ અને વિના કારણે સામાવાળા નં.૧ સાથે તથા સામાવાળાના માતા તથા બેન સાથે ઝગડા કરતા હતા અને માવતરે ચાલ્યા જવાની અને પોલીસ કેસ કરવાની ધમકીઓ આપતા હતા. આ કામના અરજદાર શરૂઆતથી જ ઘર ચલાવવા સબબ વાંધાઓ કરતા હોય તેમજ સામાવાળાનું કે સામાવાળાના માતા અને કુંટુંબીજનોનું

અવાર–નવાર વગર વાંકે અપમાનજનક વાત કરવાની અને અપમાન જનક વર્તન કરવાની કુટેવ ધરાવે છે આ બાબતે અવાર–નવાર ઘરની સુખ–શાંતીમાં વિક્ષેપ પાડતા અને અરજદાર નાની બાબતોમાં પોલીસ સ્ટેશને જઈ ફરીયાદ કરવાની ધમકી આપતા હતા. અરજદાર શંકા કુશંકા સ્વભાવવાળા છે જયારે સામાવાળા સ્ત્રી સાથે વાતચીત કરતા હોય ત્યારે શંકા કરીને ઝગડા કરવાની ટેવવાળા છે આ પ્રકારે ખોટા ઝગડા કરીને ઘર–સંસાર ખરાબ કરે છે જેથી હાલની ખોટી આક્ષેપ વાળી ઉપજાવી કાઢેલી હકીકતો વાળી અરજી કરેલ હલફ અરજદારની અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) અરજદાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદારનું પુરાવાનું સોગંદનામું | ૨૦ |
| ૨. | અરજદાર તથા સગીરપુત્રએ ખંભાળીયા જનરલ હોસ્પટલ ખાતે લીધેલ સારવારના કાગળો | ૨૧ |
| ૩. | કલોઝીંગ પુરસીસ | ૨૨ |

(૪) સામાવાળાઓ તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે:–

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | સામાવાળા વિજયભાઈ મગનભાઈ સાદીયાનું પુરાવાનું સોગંદનામું | ૨૬ |
| ૨. | કલોઝીંગ પુરસીસ | ૨૭ |

(૫) ત્યારબાદ અરજદાર તરફે તથા સામાવાળઓ તરફે વિ.વ.શ્રી ઓની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ઉપરોકત સમગ્ર હકીકતોને લક્ષમાં લેતાં આ કામે મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપિસ્થત થાય છે ?

## –::મુદ્દાઓ::–

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ ધ પ્રોટેક્શન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૧૮(સી) મુજબ પ્રોટેકશન હુકમ મેળવવા હકકદાર છે ?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ ધ પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૧૯ મુજબ મકાન વિકલ્પે ઘર ભાડું મેળવવા હકકદાર છે?

(૩) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ ધ પ્રોટેક્શન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૨૦ હેઠળ સામાવાળા પાસેથી તેઓના તથા તેઓના સગીર પુત્રના માસિક ભરણ પોષણ, તબીબી ખર્ચ વિગેરે પેટે રૂા.૧૫,૦૦૦/– વિકલ્પે કાયમી ભરણપોષણ પેટેની ઉચ્ચક રકમ રૂા.૧૦,૦૦,૦૦૦/– મેળવવા હકકદાર છે ?

(૪) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ ધ પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એકટ–૨૦૦૫ ની કલમ–૨૨ હેઠળ માનસિક–શારીરીક દુ:ખ–ત્રાસ બદલ વળતર પેટે રૂા.૫,૦૦,૦૦/– વળતર મેળવવા હકકદાર છે ?

(૫) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ અંગેનો મારો નિર્ણય નીચે મુજબ છે:–

(૧) નકારમાં,

(૨) હકારમાં,

(૩) અંશત:હકારમાં,

(૪) અંશત:હકારમાં,

(૫) આખરી હુકમ મુજબ.

## –::કારણો::–

**(૮)** અરજદારે હાલની અરજી કરી સામાવાળા વિરુધ્ધ પ્રોટેકશન ફરમાવવાની દાદ માંગેલ છે. આ સંબંધે આંક–૨૦ થી અરજદારના સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે. તેમાં અરજદારે તેમની અરજી

મુજબની હકીકતો દર્શાવેલ છે. જયારે સામાવાળઓ તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, ''હું ધોરણ પ સુધી ભણેલ છું. મને ઓછું વાંચતા લખતા આવડે છે. મેં મારા પતિ સાથે શ્રીનગર વાછરાડાડાના મંદિરે ફુલહાર કરેલા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સગા વહાલાની હાજરીમાં લગ્ન કરેલા. આ લગ્ન મારી ઈચ્છાથી કરેલા. મારા પતિ મારા માતા પિતાના ઘરે જાન લઈને લગ્ન કરવા આવેલા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા માતા પિતાની પરિસ્થિતિ લગ્નની વ્યવસ્થા કરવા માટે મારા માતાપિતાએ સમય માંગેલો પરંતુ સામાવાળાઓને ઉતાવળ હોય જાન તેડાવેલ નહિ. આ ફુલહાર થયા ત્યારે મારા માતાપિતા ખંભાળીયા મુકામે રહેતા હતા. અમારા લગન બાદ હું મારા સાસરામાં રહેવા ગયેલ અને ત્યાં હું મારા પતિ, સાસુ અને નણંદ, દિયર બધા સાથે રહેતા હતા. ત્યારે મને સારી રીતે રાખતા હતા. જયારે મંદિરમાં ફુલહાર થયા ત્યારે મારા માતાપિતાએ કોઈ કરીયાવર આપેલ નહિ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બીજા–ત્રીજા દિવસે કરીયાવર આપેલો. જયારે ફુલહાર થયા ત્યારે જે મહેમાન આવેલા તેનો જમવાનો અને તે બધો ખર્ચો મારા પતિએ ભોગવેલો. આ વખતે મારા પિતાની સ્થિતિ નબળી હોય મારા પતિએ મારા પિતાને ફુલહાર વખતે રૂા.૩પ,૦૦૦/– રોકડા આપેલા. હું ફુલહાર બાદ મારા સાસરામાં ૪ વર્ષ સાથે રહેલ છું. સવાલ:– ત્યાં તમે બધા સારી રીતે રહેતા હતા? જવાબ:– છએક મહિના સારી રીતે રાખેલ. મારા પતિ સાથે ફુલહાર કર્યા તે પહેલા હું મારા માતાપિતા સાથે દેવળીયા મુકામે રહેતી હતી. હું દેવળીયા મુકામે રહેતી હતી ત્યારે આલાભા મુળુભા ઉર્ફે ઓગડભા ગાદ સાથે પ્રેમ સંબંધ હોય તેમની સાથે ગયેલી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે હું ભૂલથી ગયેલી. હું આલાભા સાથે ગયેલ હોય મારા માતાએ આ આલાભા વિરુધ્ધ કલ્યાણપુર પો.સ્ટે.માં ફરિયાદ આપેલી. હું આલાભા સાથે ૩–૪ મહિના જામનગર મુકામે રહેલી. ત્યારબાદ હું પાછી મારા માતાપિતા પાસે રહેવા માટે આવી ગયેલી. હું પરત આવી ગયા બાદ આલાભા વિરુધ્ધ પોલીસ ફરિયાદ થયેલી. આલાભા વિરુધ્ધનો કેસ પહેલા

ખંભાળીયા કોર્ટમાં દાખલ થયેલો અને ત્યારબાદ તે કેસ ટ્રાન્સફર થઈને ધ્વારકા કોર્ટમાં સ્પે. પોકસો કેસ નં. ૧૪/૨૦૨૨ થી ચાલેલો. હું મારા સાસરામાં રહેતી હતી ત્યારે ધ્વારકા કોર્ટમાંથી મારા સાસરામાં મને નોટીસ આવેલી. સવાલ:– આ નોટીસ આવતા તમારા પતિ અને તમારી સાસરીના લોકોને જાણ થયેલી કે તમારો આ કેસ ચાલે છે? જવાબ:– એ વાત ખોટી છે. પહેલેથી જ તે લોકોને આ કેસ બાબતે જાણ કરેલ હતી. મારા પતિ સાથે કુલહાર કર્યા બાદ હું ચાર પાંચ વખત રીસામણે મારા પિયર આવી ગયેલી. સવાલ:– તમે રીસામણે જતા ત્યારે તમારા પતિ, સાસુ તથા સમાજના માણસો તમને સમજાવીને તેડવા માટે આવતા હતા ? જવાબ:– મારા પતિ એકલા જ આવતા હતા. સવાલ:– તમને તેડી ગયા બાદ તમારી સાસરીમાં સારી રીતે રાખતા હતા? જવાબ:– બે ત્રણ દિવસ સારી રીતે રાખતા હતા પછી પાછું એવું ને એવું જ થઈ જતું. મારે બે નણંદો છે. મારા બંને નણંદોના લગ્ન થઈ ગયેલ છે. મારા નાના નણંદ વનીતાબેન ટીંબડી ગામે તેમની સાસરીમાં છે. જયારે મોટા નણંદ હેતલબેન મારી સાસરીમાં રહે છે. આ હેતલબેન અમારાથી બાજુમાં આવેલ અમારા ગામના બીજા વિસ્તારમાં રહે છે. મારા દિયર દીપકના લગ્ન હું મારી સાસરીમાં ગઈ તે બાદ થયેલ છે. મારા દિયરના પત્ની દીપાબેનનું પહેલું આણું હું આ છેલ્લી વખત જયારે રીસામણે આવી તેના થોડા દિવસ પહેલા થયેલ. મારા સાસુના ભાઈ મેરુભાઈ અને તેમના પુત્ર રણજિતભાઈ પારાવાડા ગામે રહે છે. આ પારાવાડા ગામ મારી સાસરીના ગામથી ૪૦–૫૦ કિમીના અંતરે આવેલ છે. મારા સાસુના ભાઈ મેરુભાઈ અને તેમના દીકરા રણજિતભાઈ પ્રસંગોપાત અને વારે–તહેવારે જ આવતા હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે આડા દિવસે પણ આવતા હતા. આ મારા મામા સસરા મેરુભાઈની દીકરી મારા સગા દિયરની પત્ની દીપાબેન છે અને જે મારા સગા દેરાણી થાય છે. મારા દિયર ટ્રક લઈને આજુબાજુના બીજા વિસ્તારોમાં જતા હોય છે. મેં જે સારવારના પ્રમાણપત્ર રજુ કરેલ છે તેમાં સામાવાળાના નામ નથી કે શું ઈજા છે તે પણ દર્શાવેલ નથી. આ સારવારના પ્રમાણપત્ર રીફર કરેલ હોય

સંયુકત રજુ દા.આં. ૨૧ આપવામાં આવે છે. મારા પતિ ઈકો ગાડી ચલાવે છે. આ ઈકો ગાડી મારા પતિની માલિકીની છે તે બતાવતા આધાર પુરાવા હાલના કામે રજુ કરેલ નથી. મારા પતિ કે મારા સાસુ સસરાના નામે મકાન આવેલ છે તે બતાવતા કોઈ દસ્તાવેજો હાલના કામે રજુ રાખેલ નથી. મારા પતિ ઉપર મારી, મારી દીકરીની અને મારા સાસુની જવાબદારી છે. મારા સસરા અવસાન પામેલ છે. આ કેસ કર્યા બાદ મેં મારી દીકરી તાસી ઉ.વ.૪ ને મારા પતિને સોંપેલ છે. મેં મારી દીકરી તાસીને મારા પતિને સોંપે ૧૧ મહિના જેટલો સમય થયેલ છે. મેં મારી દીકરી તાસી મારા પતિને મારી ઈચ્છા અને મરજીથી આપેલ છે. આ બાબતની અમે બંને પક્ષકારોએ નોટરી લખાણ પણ કરાવેલ છે. આ મારી દીકરી હાલમાં પણ મારા પતિ પાસે છે. મારી દીકરીને મારા પતિ સારી રીતે રાખે છે. મારા પતિ મને હાલમાં તેડી જવા માંગતા હોય તો હું તેમની સાથે જવા તૈયાર નથી. સવાલ:– તમારી દીકરી તમને સોંપે તો તમે રાખવા તૈયાર છો? જવાબ:– તે લોકોએ ધમકી આપેલી માટે મેં તેમને સોંપેલી. હવે વિશ્વાસ ન કરાય. મારી દીકરી મારી પાસે હતી ત્યારે તેને સામાન્ય ઉધરસ ખાંસી રહેતી હતી અને ઉલ્ટી કરતી હતી. હું પ્રેગ્નેન્ટ હતી ત્યારે મારી દીકરી માટે મમતા કાર્ડ કરાવેલ. હું પ્રેગનેન્ટ હતી ત્યારે મમતા કાર્ડ અન્વયે જે ઈન્જેકશન લેવાના થતા હતા તે મેં રેગ્યુલર લીધેલ છે. એ વાતની મને ખબર નથી કે મેં રેગ્યુલર ઈન્જેકશન લીધેલ હોય તેવું મમતા કાર્ડમાં બતાવેલ નથી. મારું મમતા કાર્ડ હાલ મારી પાસે નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારી સાસરીમાં છે. મેં સામાવાળાની આવક સંબંધે કોઈ દસ્તાવેજી આધાર પુરાવો હાલના કામે રજુ રાખેલ નથી. સવાલ:– તમે સાસરીમાં હતા ત્યારે તમારા માતા પિતાએ તમારા સાસરી વાળા જોડે ઝગડો કરતા તમે તમારા માતાપિતા વિરુધ્ધ પોલીસમાં ફરિયાદ કરેલી? જવાબ:– આ લોકોએ કરાવડાવેલી. આ મારા માતાપિતા વિરુધ્ધ ફરીયાદ કરી ત્યારબાદ પણ હું મારી સાસરીમાં રહેતી હતી. હાલમાં હું મજુરી કામે જાઉં છું. હવે કહું છું કે હું મજુરી કામે જતી નથી. મારી ડીલીવરી પોરબંદર લેડીઝ હોસ્પિટલમાં થયેલી. તેનો તમામ ખર્ચ

મારા પતિએ ભોગવેલો. તે વખતે મારા સાસુ અને નણંદ હોસ્પિટલ આવેલા. ડીલીવરી બાદ હું મારા સાસરામાં ત્રણ ચાર મહિના રહેલી અને ત્યારબાદ રીસામણે આવેલી.''

(૯) ત્યારબાદ આંક–૨૬ થી સામાવાળાઓ તરફે સાહેદ વિજયભાઇ મગનભાઇ સાદીયાનું સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે. જેમાં તેમણે ફરિયાદ અરજીના જવાબ મુજબની હકીકત જણાવેલ છે. જયારે અરજદાર તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ જણાવે છે કે, ''મારા લગ્ન અરજદાર સાથે આશરે ચારેક વર્ષ પહેલા થયેલા. હવે કહુ છુ કે મંદિરમા ફુલહાર થયેલા. લગ્ન બાદ મારી દીકરીનો જન્મ થયેલો જે હાલ બે વર્ષની છે. અમે બધા આદિત્યાણા ગામે સંયુકત કુટુંબમા રહીએ છીએ. હુ ડ્રાયવીગ કરુ છુ. મારી પાસે કોઈ વાહન નથી. હુ રીક્ષા ચલાવીને દૈનિક રૂપિયા ત્રણસો થી સાડા ત્રણસો કમાવ છુ. મારો ભાઈ દિપક મારાથી અલગ રહે છે. મેરૂભાઈ પુંજાભાઈ ચાસીયા મારા મામા થાય છે. રણજીતભાઈ મેરૂભાઈ ચાસીયા મારા મામાના દીકરા થાય છે. આદીત્યાણાથી પારાવાળા આશરે ૩૫ થી ૪૦ કિ.મી.ના અંતરે આવેલુ છે. મેરૂભાઈ અને રણજીતભાઈ અવાર નવાર અમારા ઘરે આવતા હતા. સાહેદ સ્વેરછાએ જણાવે છે કે મામા થતા હોય કયારેક કયારેક આવે છે. રણજીતભાઈ અને મારા ભાઈ દિપકને સારુ બને છે. અમે જે મકાનમા રહીએ છીએ તે મકાન બીજાના નામનુ છે. મારા પત્ની તેમના માવતરે ગયાના પોણા બે વર્ષ જેટલો સમય થઈ ગયેલો છે. મે આજદીન સુધી અરજદારના ભરણપોષણ કે દવાના કોઈ નાણા મોકલાવેલ નથી.''

**<u>મુદ્દા નં. ૧ સબબ:–</u>**

(૧૦) અરજદારે હાલની અરજી કરી સામાવાળા વિરુધ્ધ પ્રોટેકશન ફરમાવવાની દાદ માંગેલ છે. આ સંબંધે આંક–૨૦ થી અરજદારનું સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે. તેમાં અરજદારે તેમની અરજી મુજબની હકીકતો જણાવેલ છે. પરંતુ આ મુદ્દા સંદર્ભે અરજદાર તરફે કોઈ આધાર–પુરાવો હાલના કામે રજુ કરવામાં આવેલ નથી. એટલે

કે, હાલમાં અરજદાર જે જગ્યાએ રહે છે તે જગ્યાએ આવી સામાવાળા કોઈપણ જાતની ધાક–ધમકી આપતા હોય કે તેમને ડરાવતા હોય તેવો કોઈ પુરાવો અરજદાર તરફે રજુ કરવામાં આવેલ નથી. જેથી મુદ્દા નં.૧ અરજદાર પુરવાર કરી શકેલ ન હોય, **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.**

**મુદ્દા નં. ૨ સબબ:–**

(૧૧) અરજદારે હાલની અરજી આપી તેઓ હાલમાં સામાવાળાથી અલગ રહેતા હોય સામાવાળા રહેઠાણ ની વ્યવસ્થા કરી આપે તે પ્રકારની દાદ માંગેલ છે. આ સંબંધે અરજદાર તરફે આંક–૨૦ થી સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે. તેમાં તેમણે તેમની અરજી મુજબની હકીકતો જણાવેલ છે. ઉપરોકત રજુઆતો તથા રેકર્ડ ધ્યાને લેતાં એ હકીકત નિર્વિવાદ છે કે હાલમાં અરજદાર તથા સામાવાળા નં.૧ બંને અલગ રહે છે. એટલે કે એક છત નીચે રહેતા નથી. હાલમાં અરજદાર તેમના માતા–પિતાને ત્યાં રહે છે. આમ, અરજદાર અલગ રહેતા હોય અરજદારને તેમના રહેઠાણ માટે યોગ્ય વ્યવસ્થા સામાવાળા નં.૧ ધ્વારા કરવામાં આવેલ નથી અને સામાવાળા નં.૧ નાએ તેમની ઉલટતપાસ દરમ્યાન પણ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે તેઓ લગ થયા બાદ અરજદારને કોઈ નાણાં ચુકવેલ નથી. આમ, અરજદાર હાલમાં અલગ રહેતા હોય અરજદારને સામાવાળા નં.૧ મોભા પ્રમાણેનું મકાન ભાડેથી રખાવી આપે તે માટે યોગ્ય વ્યવસ્થા કરે તેવો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે પરંતુ બંને પક્ષકારો એકબીજાનું પસંદ કરેલ મકાન રખાવી આપવા તૈયાર થાય તેવું જણાતું નથી. જેથી સામવાળા નં.૧ અરજદારને મકાન ભાડા પેટે માસિક રૂા.૨,૦૦૦/– ચડયેચડયા આપે તો ન્યાયોચિત જણાય છે કારણ કે, હાલના પ્રવર્તમાન દર મુજબ આ વિસ્તારમાં જે પ્રમાણેના મકાન ભાડા ચાલે છે તે પ્રમાણે અરજદારને સામાવાળા નં.૧ મકાન ભાડું રૂા.૨,૦૦૦/– ચુકવી આપે તો તે ન્યાય સંગત જણાય તેમ છે. **જેથી મુદ્દા નં.૨ નો જવાબ હકારમાં ઠરાવવામાં આવે છે.**

<u>**મુદ્દા નં. ૩ સબબ:–**</u>

**(૧૨)** અરજદારે હાલની અરજી આપી, સામાવાળા પાસેથી તેઓ તથા તેમના સગીર પુત્રીના માસિક ભરણ પોષણ પેટે રૂા.૧૫,૦૦૦/– અથવા તો વૈકલ્પિક રીતે રૂા. ૧૦,૦૦,૦૦૦/– ની ઉચ્ચક ભરણપોષણની રકમની માંગણી કરેલ છે. અરજદાર તરફે જે સરતપાસનું સોગંદનામું રજુ થયેલ છે. તેમાં અરજદારે તેમની અરજી મુજબની હકીકત જણાવેલ છે. જયારે અરજદારે તેમની ઉલટતપાસમાં સ્વીકાર કર્યા મુજબ હાલની તેમની સગીર પુત્રી સામાવાળાની કસ્ટડીમાં છે અને સામાવાળા તેની જવાબદારી નિભાવે છે. જયારે સામાવાળા તરફે એવી રજુઆત છે કે, અરજદારને અન્ય વ્યકિત સાથે પ્રેમ સંબંધ છે પરંતુ લગ્ન જીવન દરમ્યાન આવા કોઈ પ્રેમ સંબંધનું અસ્તિત્વ હોય અને અરજદાર વ્યભિચારી જીવન જીવતા હોય તે બાબતનો કોઈ પુરાવો સામાવાળા તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં અરજદારે હાલના કામે સામાવાળાની કોઈ સ્પેસિફિક આવકનો પુરાવો આપેલ નથી. જેથી સામાવાળાની આવક કેટલી છે તે એબલ બોડીના સિધ્ધાંત પ્રમાણે નકકી કરવાની થાય અને એબલ બોડીના સિધ્ધાંત મુજબ નકકી કરતા પ્રવર્તમાન સંજોગો જોતા સામાવાળાની આવક રૂા.૩૦૦/– દૈનિક ગણવામાં આવે તો માસિક રૂા.૯,૦૦૦/– જેટલી આવક થાય તે પૈકી અરજદારના જણાવ્યા મુજબ અરજદાર અને સામાવાળાને એક દીકરી છે અને તે દીકરી હાલ સામાવાળા પાસે છે. જેથી સામાવાળાની ઉપર તેમની તથા તેમની દીકરી બંનેની જવાબદારી છે. જેથી અરજદાર અત્રે અલગ રહે છે અને તેમને તેમના જીવનનિર્વાહ માટે પણ નાણાંની જરૂરિયાત પડે. જેથી અરજદારને સગીર પુત્રી બાબતે કોઈ રકમ ઉચ્ચક ભરણપોષણ પેટે અપાવી શકાય નહી. પરંતુ અરજદાર સામવાળા નં.૧ થી અલગ રહેતા હોય જેથી સામાવાળા નં.૧ અરજદારના ભરણપોષણ પેટે માસિક રૂા.૨,૫૦૦૦/– ચુકવી આપે તો ન્યાયનો હેતુ જળવાઈ તેમ હોય, **જેથી મુદ્દા નં.૩ નો જવાબ અંશત:હકારમાં ઠરાવી સામાવાળા નં.૧ અરજદારને ભરણપોષણ પેટે માસિક**

**રૂા.૨,૫૦૦/– ચડયેચડયા ચુકવી આપે તેવો હુકમ કરવામાં આવે છે.**

**મુદ્દા નં. ૪ સબબ:–**

(૧૩) અરજદારે હાલની અરજી આપી, અરજદારને શારીરીક–માનસિક દુ:ખ–ત્રાસના વળતરની રકમ પેટે રૂપિયા પાંચ લાખની માગણી કરેલ છે, પરંતુ તે બાબતે કોઈ ઠોસ પુરાવો આપેલ નથી. તેમ છતાં અરજદાર હાલમાં સામાવાળાથી અલગ ઓશિયાળું જીવન જીવે છે. જે એક પ્રકારનો દુ:ખ–ત્રાસ જ ગણાય જેનું કોઈ નાણાકીય મુલ્યાંકન થઈ શકે નહી, પરંતુ તે બાબતે અરજદારને જો ઉચ્ચક પેટે રૂા. ૧૦,૦૦૦/–અંકે રૂપિયા દસ હજાર પૂરા માનસિક–શારીરીક વળતર પેટે ચુકવવાનો હુકમ કરવામાં આવે તો તે ન્યાયોચિત જણાય છે. **જેથી મુદ્દા નં. ૪ નો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે. જયારે મુદ્દા નં. ૫ સબબ નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.**

## –::આખરી હુકમ::–

(૧) આથી અરજદારની અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી સામાવાળા નં.૧ એ અરજદારને ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એકટની કલમ–૧૯ મુજબ હાલની અરજીની તારીખથી માસિક રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) ચડયેચડયા ઘર ભાડા પેટે ચુકવી આપે તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) આથી સામાવાળા નં.૧ અરજદારને ધી પ્રોટેકશાન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એકટની કલમ–૨૨ હેઠળ દુ:ખત્રાસ બદલ ઉચ્ચક રકમ રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ચુકવી આપે તેવો હુકમ કરવામાં આવે છે.

(૪) આથી ધી પ્રોટેકશન ઓફ વુમન ફ્રોમ ડોમેસ્ટિક વાયોલન્સ એકટની કલમ–૨૦ મુજબ કાયમી ભરણપોષણ પેટે સામાવાળા નં.૧ અરજદારને હાલની અરજીની તારીખથી માસિક રૂા.૨,૫૦૦/–(અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) ભરણપોષણ પેટે ચુકવી આપે તેવો હુકમ કરવામાં આવે છે.

(૫) જો અરજદાર ભરણપોષણની રકમ અન્ય કોર્ટમાંથી મેળવતા હોય તો અત્રેની કોર્ટ ધ્વારા કરેલ હુકમ મુજબની ભરણપોષણ પેટેની રકમ માસિક રૂા.૨,૫૦૦/– મજરે આપવી.

(૬) સદરહું હુકમની નકલ પક્ષકારોને નિ:શુલ્ક આપવા હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો આજરોજ તારીખ–૨૧ મી, માહે–જુલાઇ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**ખંભાળીયા,**
**તા.૨૧/૦૭/૨૦૨૬**

**(જનકકુમાર દેવજીભાઇ સોલંકી)**
**એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**દેવભૂમિ દ્વારકા મુ. ખંભાળીયા**
**Code No. GJ00979**